# આશારિરીક પ્રીતિયોગ

ડૉ..નટવરસિંહ ઠાકોર

ગુલાબદાસ બ્રોકરે અનેક રંગબેરંગી વાર્તાઓનું સર્જન અને વિવેચન કરેલ છે .અને છેલ્લી ઘડી સુધી પણ વાર્તાઓનું સર્જન કરે રાખતા.ઘણા લેખકોની વાર્તાઓમાંથી પસાર થયા છતાં ગુલાબદાસ એના એ તેમના પાત્ર નિરૂપણનો ચોક્કસ ઢાંચો છે. વર્ણનની ગતિરીતિ છે. પાત્રોને વ્યક્ત કરવાની આગવી આવડત જોવા મળે છે. ગુલાબદાસ બ્રોકરની આ વાર્તામાં આપેલું શીર્ષક 'પ્રેમ પદારથ ' જોતાં સ્નેહાર્મિનું ઘોડાપૂરઉમટે છે. જેમાં લેખકે બે અંતરો વચ્ચેની વચમાં અંતર કેટલું ? પ્રેમ પદારથ નામની આ પ્રેમકથાના સાનિધ્યમાં ભાવકને લાવી ડે છે .

એક બાજુ પ્રેમમંથન છે તો બીજી બાજુ લગ્નબદ્ધ પ્રેમિકાથી દૂરતાનો અનુભવ કરે છે.એટ્લે નાયક અને નાયિકાના અંતરમાં મંથન ઉદભવે છે. સ્નેહ આકર્ષણના સમાધાન વાત્સલ્ય વિજય આગળ સ્નેહ આકર્ષણ વામણું બની જાય છે. નાયિકા નયના ને કુમારભાઈ પ્રેમ નિવેદન કરે છે અને નયનાના પવિત્ર એકરાર પછી સગર્ભા નયનાને બેબી જન્મે છે.અને તેણી બેબીના પ્રેમ વાત્સલયમાં ઓતપ્રોત બની જતાં નાયિકા માટે સમર્પણભાવ ધરાવતા કુમારભાઈ ઉપેક્ષાની લાગણી અનુભવતી વખતે આપણને નાયિકાના મનમાં સૂક્ષ્મ ભાવિ હરેક પળે અલગ અલગ જોવા મળે છે.

પ્રેમી પતિ અતુલ પ્રેમ નિવેદન કરનાર કુમારભાઈ અને એ બંનેની ઉપેક્ષા ના સમાધાન રૂપી બેબી પ્રત્યેનું વાત્સલ્ય રા.વિ .પાઠકના મંગળ ત્રિકોણ કાવ્યની યાદ આપે છે અને અંતે કાવ્ય જ્યોર્તિધામમાં સાચું તીર્થધામ જોવા મળે છે .એ રીતે જીવન શક્ય નાયિકાને બેબીના વાત્સલ્યમાં જોવા મળે છે. અને હૃદયપૂર્વક કુમારભાઈ ને દૂર હડસેલી દે છે .છેવટે પ્રેમી પતિ અતુલ પ્રત્યે જ ઊંડી લાગણી વ્યક્ત કરે છે. તેના પ્તત્યે આશક્તિ દર્શાવે છે. કેમ કે તેણી ને પતિ સિવાયનો પર પુરુષ માન્ય નથી એટ્લે કે અહી આશારીરીક પ્રીતિયોગ જોવા મળે છે. દૈહિક પ્રેમથી ઊંચે ઊઠીને આત્મિક પ્રેમ તરફ પ્રયાણ જોવા મળે છે.

પ્રેમ એ કોઈ વસ્તુ નથી કે જે ખરીદી શકાય એ તો હૈયાની ઊર્મિનો આવિસ્કાર છે.અંતરની અનુભૂતિ છે. જે સાચે જપરમાત્મારૂપ છે સમય સાથે તાલ મિલાવવા ભગ્નપ્રેમ નું સમાધાન થાય એ ભાવકને જચે છે. એટ્લે અશારીરીક પ્રીતિયોગ શીર્ષક મારી દ્રષ્ટિએ સર્વથા વાર્તાના સ્વરૂપને ઉપકારક અને યોગ્ય છે કેમકે A good title is half hattle won.

સ્ત્રી જે રીતે જુએ અને વિચારે છે. એવા મનોભાવો વ્યક્ત થયેલ છે. કુમારભાઈની વાર્તામાંનો આરંભ અને આખી કૃતિનો અંત નયના અતુલ પારેખ આગળ જ આવે છે. એટ્લે નયના નું સાચું સ્વરૂપ ઓળખવામાં કુમારભાઈ ઊણા ઉતરે છે. નયનાનો નેડો તો કુમારભાઈ ને લાગેલો છે. નયનાને નહીં નયના તો પ્રેમી પતિને જ પરમાત્મા ગણી એની પ્રિતકૃતિ જેવી બેબીમાં પતિ અતુલનું જ પ્રિતબિંબ જુએ છે. જે માનવીય ભાવોમાં અનુભવાય છે.

આમ હોય તો કશું ખોટું નથી ,આઘાતજનક નથી. પૂરતું માનવીય છે. અહી નયના બદલાઈ ગઈ હોય એવું લાગે છે પણ કોઈ બદલાતું નથી વ્યક્તિને એના સાચા સ્વરૂપમાં ન ઓળખાતા હોઈએ એટલે જ એમ લાગે. અહી સાત્વિક પ્રેમ (calm,Virtuous) શાશ્વત

(Eternal love ) બને છે પણ તે સ્નેહાર્મિમાં નહીં પણ બાળક પ્રત્યે જોતી માતાની દર્ષ્ટિમાં સાચો પ્રેમ ઝળકે છે અને તેમાં નયનાની તમામ સ્થૂળ સૂક્ષ્મ ચેસ્ટાઓમા કુમારભાઈ નહીં પણ અનેક સ્વરૂપમાં અતુલભાઈ ને નિહાળેલ છે. આમ થતી ગેરસમજનો અંત આણવામાં બ્રોકરની નિપુણતા જોવા મળે છે.આમ વાર્તાકાર ગુલાબદાસ બ્રોકરે વાર્તાના અંતને ખૂબી પૂર્વક પલટી દીધો છે. કુમારભાઈના પ્રેમ પદારથનું નયનાના વાત્સલ્યમાં પ્રદર્શન કરવા અચ્યુતમ બોલે છે. પણ નયનાની બેબીમાં નયના પોતાના વતા અતુલને (નયના +અતુલ = બેબી ) ને જુએ છે. પણ કુમારભાઈ બેબીમાં કશુજ ન જુએ અને નયના ને નયનામાં નિહાળી રહે છે. વાત્સલ્યથી સ્પર્શ કરી લેખકે છોડી દીધો છે. એટ્લે આ મંગળત્રિકોણ દ્વારા કુમારભાઈ વાર્તા નાયિકાથી દૂર હડસેલાઇ જાય છે અને મુખ્ય નાયક અતુલ જોડે થયેલ સમાધાન સર્વથા ઉચિત લાગે છે એ વાસ્તવલક્ષી અભિગમને નજર સમક્ષ રાખી ને કુમારભાઈ માતા સંતાનના વાત્સલ્ય ભાવમાં જ આશારીરિક પ્રિતયોગ પામી જવાનો અનુભવ કરી ચૂકે છે. કારણકે નયનાને ' હું ચાહું છુ ' કહ્યા પછી ને એના સ્વીકાર પછી નિકટતમ સ્થળે પહોચવા જતાં ઉપેક્ષા અને ગેરસમજ થયાનો અહેસાસ થાય છે તે ( In Coming time ) ટાઈમિંગ પણ ઉચ્ચતમ છે. કેમ કે બેબી તરફ સરકતી નયનામાં કુમારભાઈનો સર્વથા લોપ થાય છે. એમ માનવસહજભાવો ને વાર્તાકારે નિરૂપ્યા છે.

**સંદર્ભ સૂચી**

૧. પ્રેમ પદારથ વાર્તા સંગ્રહ
૨. લતા અને બીજી વાતો